**કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝને સબંધિત ઉચ્ચકબીલોની વર્ગીકૃત યાદી બહાર પાડવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૩/૪૦૦/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૬/૦૪/૨૦૧૩

**વંચાણે લીધાઃ-**

(૧) કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૪/૩/૨૦૧૩ ના પત્રક્રમાંકઃકજ/હસબ/૫/૪૦૫/૨૦૧૨

(૨) નાણાવિભાગના તા.૩૦/૪/૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંકઃતજર/૧૦૦૨/૪૩૫/ઝ.

(૩) નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮

**ઠ રા વઃ-**

નાણાવિભાગના ઉકત ક્રમાંક(૨) અન્વયેના પરીપત્રથી ખાતાના વડા હસ્તકની કચેરીઓ દ્વારા ઉચ્ચક બીલોથી નાણા ઉપાડવા અંગે કરવામાં આવતા ખર્ચ વર્ગીકૃત કરી યાદી બહાર પાડવાની સુચનાઓ ધ્યાને લઈ કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા ઉકત ક્રમાંક(૧) ના પત્રથી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વકની વિચારણાના અંતે ખાતાના વડાની કચેરી માટેની ઉચ્ચક બીલો ઉગવવાના ખર્ચ અંગે નીચે જણાવેલ બાબતોને આથી વર્ગીકૃત કરી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | ઉચ્ચક બિલો ઉગવવાની ખર્ચની વિગત |
|---|---|
| ૧ | રાજ્ય કક્ષા/જીલ્લા કક્ષા તાલીમ કેમ્પ |
| ૨ | સરકારી વાહનોના પેટ્રોલ/ડીઝલ ગેસ ઓઈલ વાહનોના વીમા અને માઈનોર રીપેરીંગ |
| ૩ | અનિવાર્ય સંજોગોમાં ઈલેકટ્રીક બિલ, ટેલિફોન બિલ, તથા તેના કનેક્શન ચાર્જીસ સરકારી વેરા (કનેકશન ચાલુ રહે અને દંડની રકમ ભરવી ન પડે તે હેતુથી) |
| ૪ | આર્મસ એમ્યુનેશન - કંટ્રોલ સ્ટોર્સ (માન્ય એજન્સીઓ મારફત ખરીદી કરવાની થતી હોઈ એડવાન્સ નાણા ભરવા સારુ.) |
| ૫ | સાક્ષી ભથ્થા ચુકવવા અંગે (ખાતાકીય તપાસ અર્થે બીન સરકારી સાહેદોને બોલાવવા માટેના આવન જાવન ખર્ચ અર્થે એડવાન્સ ચુકવવા માટે) |
| ૬ | ફરજીયાત નિવૃત અન્વયે ચુકવવામાં આવતા નોટીસ પે ચુકવવા માટે |
| ૭ | કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારશ્રીએ રેઈટ કોંન્ટ્રાકટ કરેલ હોય તેઓની આર.સીની જોગવાઈ મુજબ એડવાન્સ નાણા જોગવાઈ મુજબ ચુકવવા અંગે. |
| ૮ | નુર ડેમરેજ ચાર્જીસ (સ્ટોર્સની ખરીદી કરવામાં આવે ત્યારે) |
| ૯ | કોઈપણ ચોકકસ હેતુ માટે અનિવાર્ય હોય તેવો કચેરી ખર્ચ |

| ક્રમ | ઉચ્ચક બિલો ઉગવવાની ખર્ચની વિગત |
|---|---|
| ૧૦. | લોકસભા, વિધાનસભા, સ્થાનિક સ્વરાજ્ય ની ચુટણી, રથયાત્રા, ગણેશ વિસર્જન, તાજીયા ધાર્મિક મેળા બંદોબસ્ત ધાર્મિક તહેવાર બંદોબસ્ત (જિલ્લામાંથી ૮ કી.મી. દુરના સ્થળે ફરજ બજાવવા માટે રહેવા/જમવા તથા અન્ય ખર્ચ પેટે એડવાન્સ ફરજ ભથ્થુ ચુકવવા) |
| ૧૧. | મેડલ (ભારત સરકાર/રાજ્ય સરકાર તરફથી જાહેર થતા મેડલ બનાવવા અંગે એડવાન્સ નાણા ચુકવવા) |
| ૧૨ | નામદાર કોર્ટ/હાઇકોર્ટ/સુપ્રીમકોર્ટની ફી તથા કાયદાકીય આકસ્મિક ખર્ચ. |
| ૧૩ | રાજ્ય અને રાજ્ય બહારની તાલીમમાં અધિકારી/કર્મચારીઓને તાલીમના એડવાન્સ નાણા ભરવા અંગે. |
| ૧૪ | રાજ્ય બહાર ચૂટણી લક્ષી ફરજમાં કંપનીઓ મોકલવાની થાય તેવા પ્રસંગે મોબાઇલના સીમકાર્ડ/રીચાર્જ તથા ડીપ્લોયમેન્ટ સંલગ્ન આકસ્મિક ખર્ચને પહોંચી વળવા. |
| ૧૫ | સ્ટેશનરી/પરચૂરણ આઇટમો માટે. (ચોક્કસ હેતુ માટે અનિવાર્ય હોય તેવો ખર્ચ) |

ઉપરોકત વર્ગીકૃત યાદી મુજબના ઉચ્ચક બીલો ઉગવવા અંગે ખાતાના વડાને આથી જરૂરી મંજૂરી આપવામાં આવે છે. ઉકત ક્રમાંક (૨) ના ઠરાવ અન્વયે પ્રસ્તુત મંજૂરી વિભાગના વડાને મળેલ સત્તાની રૂએ અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ની તા.૨૫/૪/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, લાલદરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- તમામ જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ.
- સિલેકટ ફાઇલ.